# જેકે પેપર ક્ષમતા વિસ્તરણ માટે ૧,૫૦૦ કરોડનું રોકાણ કરશે




**પીટીઆઈ**
અમદાવાદ, તા.૧

જેકે પેપરે ગુજરાતમાં સોનગઢ ખાતેના હાલના પેપર મેન્યુફેક્ચરિંગ એકમના આધુનિકીકરણ અને વિસ્તરણ માટે રૂપિયા ૧,૫૦૦ કરોડના રોકાણની યોજના ઘડી છે. કંપનીએ રાજ્ય સરકાર સાથે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ પર હસ્તાક્ષર કર્યા છે.

કંપનીની પ્લાન્ટની ક્ષમતા વાર્ષિક ૬૦,૦૦૦ ટનથી વધીને ૧,૬૦,૦૦૦ ટન થશે અને આધુનિકીકરણ અને વિસ્તરણ બાદ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં પ્લાન્ટ કાર્યરત થઈ જશે.

તેમ એક નિવેદનમાં જણાવ્યું હતું.

નવો પ્લાન્ટ ડુપ્લેક્સ કોટેડ બોર્ડ પેપરના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રીત કરશે, જે સ્ટ્રો, કપ અને પ્લેટ બનાવવા માટે વપરાતા સિંગલ યુઝ પ્લાસ્ટિકને બદલશે. વિસ્તરણથી લગભગ ૧,૦૦૦ લોકો માટે રોજગારીનું સર્જન થશે અને પ્લાન્ટની ક્ષમતામાં વધારાથી ૧૦,૦૦૦ ખેડૂતોને પણ લાભ થશે, જેએ પેપર ઉત્પાદન એકમને કાચો માલ પૂરો પાડશે. કંપનીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર પ્લાન્ટ માટે પાણી પર પ્રક્રિયા કરી ખેડૂતોને કૃષિ ઉપયોગ માટે પૂરૂ પાડશે, તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.